જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૭/૦૧/૨૦૨૨ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૦/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૩૮ | ૦ | ૧૧૭૩૮ | ૧૭૮૪૮ | ૦ | ૧૭૮૪૮ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| ૩ | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૨૬ | ૧ | ૧૨૭ | ૩૯૭ | ૨ | ૩૯૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૬૮૧૩ | ૧૯૭ | ૭૭૦૧૦ | ૭૭૯૨૩ | ૧૯૬ | ૭૮૧૧૯ |
| કુલ | | ૯૩૪૧૦ | ૧૯૮ | ૯૩૬૦૮ | ૧૦૨૪૫૦ | ૧૯૮ | ૧૦૨૬૪૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૨ | ૪,૧૫,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૮૭ | ૧૦,૮૭,૦૦૦/- |

## વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**એલ.સી.બી. ઝોન-૧**

## અમદાવાદ શહેર તેમજ તેલગના રાજયના ફોર વ્હીલ વાહન ચોરીના કુલ-૦૪ ગુના ડીટેક્ટ કરી આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડતી એલ.સી.બી. ઝોન-૧

અમદાવાદ શહેરમાં મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ કમિશ્નર શ્રી સાહેબના હુકમથી અધિક પોલીસ કમિ. શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૧ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. ઝોન-૧ પો.સબ ઈન્સ.શ્રી કે.એલ.ખટાણા તથા મ.સ.ઇ. જીવણભાઇ મેઘજીભાઇ બ.નં-૭૫૫૦ તથા મ.સ.ઇ.રેવાભાઇ હમીરભાઇ બ.નં-૪૭૦૨ તથા અ.હેડ કોન્સ. મુકેશગીરી જગદીશગીરી બ.નં-૯૪૪૦ તથા પો.કોન્સ. દિપકકુમાર ઇશ્વરભાઇ બ.નં-૬૨૮૬ તથા પો.કોન્સ. મહિપતસિંહ નરસિંહભાઇ બ.નં-૧૦૨૧૨ તથા પો.કોન્સ. પરેશભાઇ ભગવાનભાઇ બ.નં-૮૪૬૩ તથા પો.કોન્સ. વિપુલસિંહ પીરાજી બ.નં- ૫૧૮૩નાઓ સાથે ઝોન-૧ વિસ્તારના વાહન ચોરીના ગુનાઓ તેમજ અન્ય મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ મિલ્કત સબંધી ગુનાઓ તથા નાસતા/ફરતા આરોપીઓ શોધવા સારૂ ઝોન-૧ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કોન્સ. મહિપતસિંહ નરસિંહભાઇ નાઓની બાતમી આધારે આરોપી નામ નં- (૧) ઉદયરામ ચંપાલાલ પ્રતાપજી જાતે જાટ ઉવ-૨૬ ધંધો-વેપાર રહે- ગામ-જડોલ તા-રાયપુર જી-ભિલવાડા રાજસ્થાન નાઓને તા-૦૪/૦૧/૨૦૨૨ ના કલાક-૧૯/૪૦ વાગે તેમજ (૨) ભેરૂલાલ સ/ઓફ ગંગારામ જાટ ઉવ-૩૪ ધંધો-ખેતીકામ રહે- જાટોકા મોહલ્લા ગામ-માંડ કા ખેડા તા-રાયપુર જી-ભિલવાડા રાજસ્થાનનાઓને તા-૦૫/૦૧/૨૦૨૨ ના કલાક-૧૮/૦૦ વાગે સી.આર.પી.સી કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક કરી પાસેથી ટાટા કંપનીના છોટા હાથી ફોર વ્હીલ ગાડી (ટેમ્પો) કુલ ૦૪ વાહન તેમજ મોબાઈલ કુલ નંગ-૦૨ મળી કુલ્લે કિ.રૂ-૧૦,૪૯,૦૦૦/- મુદ્દામાલ રીકવર કરી તેઓ પાસેથી મળી આવેલ ચોરીના છોટા હાથી ફોર વ્હીલર બાબતે તપાસ કરતા કુલ ૦૪ ગુનાનો ભેદ ઉકેલી આરોપીઓ પાસેથી મળી આવેલ મુદામાલ સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરવામાં આવેલ છે તેમજ પકડાયેલ આરોપી મુદ્દામાલ સહિત વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે સોંપી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

## શોધાયેલ ગુનાની વિગત

(૧) વસ્ત્રાપુર પો.સ્ટે. પાર્ટ “એ”૧૧૧૯૧૦૨૦૨૧૧૧૫૪ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

(૨) ગુજરાત યુનિવર્સીટી પો.સ્ટે પાર્ટ “એ”૧૧૧૯૧૦૧૭૨૧૧૫૦૭ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

(૩) સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન પાર્ટ “એ”૧૧૧૯૧૦૪૫૨૧૧૪૮૯ ધી ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ

(૪) તેલગના રાજય ભોંગીર પોલીસ સ્ટેશન FIR નં-૨૨૬/૨૦૨૧ ધી ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબ

## આરોપીઓ પાસેથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ

(૧) એક ટાટા કંપનીની આઇરીષ કલરની છોટા હાથી ફોર વ્હીલ ગાડી જેની કિમત રૂપિયા- ૨,૦૦,૦૦૦/- ગણી શકાય

(૨) એક ટાટા કંપનીનું છોટા હાથી (ટેમ્પો) ફોર વ્હીલ ગાડી જેની કિમત રૂપિયા- ૧,૪૦,૦૦૦/- ગણી શકાય

(૩) એક ટાટા કંપનીનું છોટા હાથી (ટેમ્પો) ફોર વ્હીલ ગાડી જેની કિમત રૂપિયા- ૪,૦૦,૦૦૦/- ગણી શકાય

(૪) એક ટાટા કંપનીનું છોટા હાથી (લોડીગ ટેમ્પો) ફોર વ્હીલ ગાડી જેની કિમત રૂપિયા- ૩,૦૦,૦૦૦/- ગણી શકાય

## ગુનાનો હેતુ-

આરોપી નં-૧ સોલાપૂર ખાતે આઇસ્ક્રીમનો વેપાર ધંધો કરતાં જે ધંધા સારૂ છોટા હાથીની ચોરી કરી તેના ઉપર આઇસ્ક્રીમ વેચવાની દુકાન બનાવી ફેરી કરવા માટે ઉપયોગમાં લેવા સારૂ

## ગુનાહિત ઇતિહાસ

આરોપી નં-(૧) રાયપુર પોલીસ સ્ટેશન ખાતે એફ.આઈ.આર નં-૬૯/૨૦૨૦ ની ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ

(૨) આમેટ પોલીસ સ્ટેશન ખાતે એફ.આઈ.આર નં-૧૧૭/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ-૩૭૯ મુજબ

આરોપી નં-(૨)આશરે ૧૫ વર્ષ પહેલા મુંબઈ ખાતેથી સોનીની દુકાનમાંથી દાગીના ચોરી કરવામાં પકડાયેલ છે



**<u>સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ</u>**

**<u>આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૧/૨૦૨૨</u>**

(૧) બાપુનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૪/૨૦૧૬ ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એક્ટ કલમ ૪,૬,૮,૧૦,૧૨ સ્પે.પોક્સો કેસ નં.૧૩૯/૨૦૧૬ મુજબના ગુનાના કામે આરોપી કિરણભાઈ ગણપતભાઈ પટણી (રહે.મ.નં.૦૩ સફેદમીલના કાચા છાપરાં અનિલ સ્ટાર્ચ મીલ પાસે બાપુનગર અમદાવાદ તથા મુળ વતન. ગામ હેડલા તા.જી. પાટણ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી આશિષ જે.એસ.મલહોત્રા સાહેબ, વિશેષ ન્યાયાધીશ કોર્ટ નં.૧૬, સિટી સિવિલ અને સેસન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૪/૦૨/૨૦૨૨ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

(૨) બાપુનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૬૮/૨૦૧૫ ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એક્ટ કલમ ૪,૬,૮,૧૦,૧૨ સ્પે.પોક્સો કેસ નં.૨૮/૨૦૧૬ મુજબના ગુનાના કામે આરોપી અર્જુન બેદીરામ સરોજ (રહે.મોમાઈ ઈલેક્ટ્રોપ્લાટીંગ કારખાનામાં આઈ.બી.એમ. એસ્ટેટ રંગશાળા કંપાઉન્ડ બાપુનગર અમદાવાદ શહેર, મુળ વતન. ગામ-ઈન્દ્રખાપુર તા.ભોજવીર જી.વારાણસી ઉત્તરપ્રદેશ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી એચ.એ.ત્રિવેદી સાહેબ, વિશેષ ન્યાયાધીશ કોર્ટ નં.૨૩, સિટી સિવિલ અને સેસન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૯/૦૧/૨૦૨૨ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૨/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૨૫૬ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૩/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૪/૨૦૨૨</u>**

**નવરંગપુરાઃ** અજય મહીપાલસીંગ જૈન (ઉ.વ.૬૦) (રહે. પંચશીલ સોસાયટી શાંતિનગર સોસાયટી પાસે ઉસ્માનપુરા) એ તા.૦૬/૦૧/૨૦૨૨ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૨/૨૦૨૦ થી તા.૦૬/૦૧/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી રામપ્રતાપ ચૌબે (રહે.શીવપુર દાતીવાડ તા-સુખપુરા જી-બલીયા ઉત્તરપ્રદેશ) અને હેમંતકુમાર મૃત્યુંજય મિશ્રા (રહે. ૩/૪૨ કે.એમ.-૨ નાતેન્યા માતા મંદીર શ્રધ્ધાવિહાર કોલોની સેકટર-બી નવલપુર બસાહી બનારસ) નાઓએ ભેગા મળી અજય જૈનને વિશ્વાસમાં લઈ અજય જૈનની નવરંગપુરા આશ્રમરોડ જુની રીઝર્વ બેંક સામે ચીત્રા અમી એપાર્ટમેન્ટ મીલ્ટન ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ નામની ઓફીસ ખાતેથી સનમાઈકાનો માલ મેળવી લઈ સનમાઈકાના માલના થોડા થોડા પૈસા આપી છેલ્લે મોકલેલ સનમાઈકાના માલના રૂપિયા ૧૬,૨૧,૧૨૬/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મીસ્ત્રી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૫/૨૦૨૨</u>**

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** વિનોદભાઈ મોહનલાલ રાણા (ઉ.વ.૬૫) (રહે.રાજનંદ રેસીડન્સી આકૃતિ ટાઉનશીપ પાસે શ્રીનાથ રેસીડેન્સી સામે નારોલ) તા.૦૬/૦૧/૨૦૨૨ સવારના ૭/૪૫ વાગ્યાના સુમારે નારોલ સર્કલ મિતલ સેલ્સ એન્ડ સર્વિસ સામેથી સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી વાહન ચલાવી સાયકલને ટક્કર મારતા વિનોદભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર વિનોદભાઈ રાણાના પુત્ર કનુભાઈ રાણાએ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી આર.એમ.રાઠવા ચલાવે છે.

**<u>વિજ કરંટ લાગતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૬/૨૦૨૨</u>**

**શહેરકોટડાઃ** સતીષભાઇ શાંતિલાલ જૈન (ઉ.વ.૨૯) (રહે. ઉમેશનગર સોસાયટી ડાહ્યાકાકાનગર સામે મેઘાણીનગર) ને તા.૦૬/૦૧/૨૦૨૨ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે અમદુપુરા પાર્શ્વનાથ જવેલર્સ નામની પોતાની દુકાને વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીતેન્દ્રસિંગ દાનસંગભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૭/૨૦૨૨**

**રિવરફ્રંટ વેસ્ટઃ** હસમુખભાઇ મોહનભાઇ વાઘેલા (ઉ.વ.૩૮) (રહે. મ્યુનિસીપલ હેલ્થ સ્ટાફ ક્વાટર્સ જમાલપુર) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૧/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી નિકળી જઈ તા.૦૬/૦૧/૨૦૨૨ કલાક ૯/૩૦ વાગ્યા પહેલા એન.આઈ.ડી.પાછળ રીવરફ્રન્ટ વોક-વે સીડી નંબર-૪૮ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભગાભાઇ ભેમાભાઇ ચલાવે છે.

**શાહીબાગઃ** હરેશ નગીનભાઇ પટણી (ઉ.વ.૩૫) (રહે.તારવાળી ચાલી હોળી ચકલા અસારવા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૧/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૧/૨૦૨૨ બપોરના ૨/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.ચૌધરી ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** ચંપાબહેન રમણભાઈ પટેલ (ઉ.વ.૫૪) (રહે. ગજાનંદ પાર્ક મણીબા સ્કુલ પાસે સરદારચોક કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૧/૨૦૨૨ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને ઋગ્વેદ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ૧/૫૪ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.અસારી ચલાવે છે.

**દાણીલીમડાઃ** મેહુલ સ/ઓ જગદિશભાઈ સોલંકી (ઉ.વ.૩૩) (રહે.પટણી શેરી વેલાનો વાસ ધી કાંટા કાલુપુર) એ માનસીક બિમારીથી કંટાળી તા.૦૬/૦૧/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે બહેરામપુરા ચેપીરોગ હોસ્પિટલ સામે દુધાભાઈની ચાલી ખાતે તેમના મામાના ઘરે મેડામા બારી સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.